# શણગાલ ગામે એટીએમના સીસી ટીવી કેમેરા જ બંધ હાલતમાં હતા

## એટીએમ ગાર્ડના હત્યારા સુધી પહોંચવા મહત્વના આધાર હતા કેમેરાના ફુટેજ : પોલીસ દિશા હીન

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના શણગાલ ગામે મંગળવારની રાત્રે દેનાબેંકના એટીએમ ગાર્ડની કોઈ અજાણ્યા ઈસમોએ લૂંટના ઈરાદો તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી ફરાર થઈ ગયા હતા. આ ઘટનાની જાણ થતાં અરવલ્લી જિલ્લા પોલીસનો કાફલો તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી લૂંટારૂઓને ઝડપી પાડવા કવાયત હાથ ધરી હતી. ત્યારે દેનાબેંક એટીએમની ગંભીર બેદરકારી બહાર આવતાં સીસીટીવી કેમેરા પાછલા એક મહિનાથી બંધ હોવાથી પોલીસતંત્ર ચોંકી ઉઠ્યું હતું. અરવલ્લી જિલ્લા પોલીસે દેનાબેંક સામે ગંભીર બેદરકારી દાખવવા બદલ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

મેઘરજ તાલુકાના શણગાલ ગામે મંગળવારની રાત્રે દેનાબેંકના એટીએમ ગાર્ડ તરીકે ફરજ બજાવતા વલુણા ગામના હિરાભાઈ કાળાભાઈ ચમાર (ઉં.વ.૨૮)ની કેટલાક શખ્સોએ લૂંટના ઈરાદે ગામની વચોવચ આવેલા દેનાબેંકના એટીએમમાં પ્રવેશી હત્યા કરી નાખી ફરાર થઈ ગયા હતા. આ અંગે અરવલ્લી જિલ્લા પોલીસ તાબડતોબ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરતા દેનાબેંકની ગંભીર ભુલ બહાર આવતાં પોલીસતંત્ર ચોંકી ઉઠ્યુ હતુ. પોલીસે પ્રાથમિક તપાસ હાથ ધરી સીસીટીવી ફુટેજની સીડી મેળવી તપાસ હાથ ધરતાં પોલીસતંત્ર પણ માથુ ખથંજવાળતી રહી ગઈ હતી. કારણ કે દેનાબેંકના એટીએમમાં લગાવેલા સીસીટીવી કેમેરા ૧ માસથી સીસીટીવી કેમેરામાં કોઈ રેકોર્ડીંગ થયેલુ નથી. જાણવા મળ્યા મુજબ ફુટેજમાં ૨૬ જૂન સુધીનો રેકોર્ડ મળ્યો હતો. ત્યાર પછીનો કોઈ રેકોર્ડ ફુટેજ ન મળતાં હત્યારાને શોધવાની આશા ઠગારી નીવડી હતી. અરવલ્લી જિલ્લા પોલીસે હત્યારાઓની કડી મેળવવા સઘન પ્રયાશો હાથ ધર્યા છે. ત્યારે દેનાબેંક અને અધિકારીઓની ગંભીર ભુલ બહાર આવતાં તેમજ જિલ્લા કલેક્ટરના આદેશનું પાલનનું ઘોર ઉલ્લંઘન કરતા પોલીસતંત્રએ દેનાબેંક વિરૂદ્ધ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે. મૃતકના પરિવારજનોને આ અંગેની જાણ થતાં દેનાબેંક અને અધિકારીઓ સામે ફિટકાર વરસાવી હતી.





લાઈફ ઈઝ ચેલેન્જ : સૌરાષ્ટ્ર કચ્છ સમાજ યુથવીંગ દ્વારા સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે યોજાયેલ સેમિનારમાં જાણીતા મોટીવેશનલ સ્પીકર ડૉ. અનિલ શેટ્ટીએ જીવનના વિવિધ પડકારોને ઝિલવાના ઉપાયો સરળ ભાષામાં સમજાવ્યા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં યુવકો અને સંસ્થાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

### તલોદનો વિપુલ ૧૦ દિવસથી ગુમ

સાબરકાંઠાના તલોદની માણેકલાલ માસ્તરની ચાલીમાં રહેતો એક યુવાન ૧૦ દિવસથી ગુમ થતાં અને તેના વાવડ ન મળતા તેની વિધવા મા અને પરિવારના સભ્યો દુઃખી બની ગયા છે. વિપુલ ઉદેસિંહ ઝાલા નામનો ૨૧ વર્ષનો આ યુવાન ૧૫-૭-૧૫ના રોજ બપોરે તલોદથી મહેસાણા મામાના ઘરે જવાનું કહીને નીકળ્યો હતો. ત્યારથી આજ દિન સુધી તેનો કોઈ જ પત્તો ન લાગતાં તેની માતા કમળાબહેન ઝાલાએ તલોદ પોલીસ દફતરે જાણવા જોગ ફરિયાદ છે. વિપુલનો મોબાઈલ પણ સ્વીચ ઓફ આવતો હોવાનું અને તેના કોઈ જ સમાચાર ઘરે ન મળતાં અનેક તર્કવિતર્કોથઈ રહ્યા છે. વિપુલને હેમખેમ પરત ફરતો જોવા તેની વિધવા મા રડી રડીને તેની વાટ જોઈ રહી છે.

# પાલનપુરના ચિત્રાસણી ખાતે આજે પૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાશે

ગાંધીનગર, તા.૨૩

શ્રી બાલારામ સઘન ક્ષેત્ર સમિતિ દ્વારા સઘનક્ષેત્રમાં અભ્યાસ પૂર્ણ કરી ગયેલા અને વિવિધ ક્ષેત્રોમાં ઉજજવળ કારકિર્દી ઘડી ડંકો વગાડનાર વિદ્યાર્થીઓનું સંમેલન યોજાશે.

બનાસકાંઠાના પાલનપુર તાલુકાના ચિત્રાસણી સ્થિત બાલારામ સઘન ક્ષેત્ર સમિતિ ખાતે આજે શુક્રવારે સવારે ૧૧-૦૦ વાગે ભૂતપૂર્વ વિદ્યાર્થી કાર્યકરોનું સંમેલન યોજાશે. જેમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. અનામિક શાહ, સંસ્થાના ટ્રસ્ટી ચારૂબેન મહેતા, અતિથિ વિશેષ તરીકે જી.ડી.મોદી, નિયામક ગિરીશભાઈ ઠાકર અને ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહેશે.

સંસ્થાનો વિકાસ વેગવંતો બંને અને ખુબ ઉંચાઈઓ પ્રાપ્ત કરે તે હેતુથી સંમેલન યોજવામાં આવશે. સંસ્થાના ઉદ્દેશને જીવંત રાખવા માટે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શિક્ષણ પ્રેમી દાતાઓનો સહયોગ લેવામાં આવશે. સંસ્થામાં અભ્યાસ અર્થે આવનાર વિદ્યાર્થીને વધુ સગવડ મળી રહે તે માટે દાતાઓને આગળ આવવા અનુરોધ કર્યો છે.

સંસ્થા ખાતે ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ દ્વારા સંસ્થાના સ્થાપક વિમળાબેન મહેતાની જન્મ શતાબ્દીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં થેલેસેમિયા નિદાન કેમ્પ, સફાઈ કેમ્પનું આયોજન કરાયું હતું.

# ટીંટોઈ ગામમાં હાઈવેની દુકાનના તાળા તૂટયા રાત્રીના અંધારાનો લાભ લઈ લૂંટને અંજામ

મોડાસા, તા.૨૩

અરવલ્લી જિલ્લાના મોડાસા શામળાજી રાજય ધોરી માર્ગ પર આવેલા ટીંટોઈ ગામના પુલ નીચે આવેલી એક દુકાનમાં વરસાદના માહોલમાં દુકાનના તાળા તોડી તસ્કરો લુંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. તસ્કરોએ દુકાનમાં રહેલ ટેબલફેન પણ ચોરી જતાં આશ્ચર્ય સર્જાયું હતું.

મોડાસા તાલુકાના ટીંટોઈ ગામના બસ સ્ટેન્ડ પર રાજય ધોરી માર્ગ પર આવેલા પુલ નીચેની દુકાનમાં ગઈ કાલે રાત્રે તસ્કરોએ હાથ ફેરો કર્યો હતો અને ફરાર થઈ ગયા હતા. ટીંટોઈ બસ સ્ટેન્ડ પર આવેલી નસીમ કોલ્ડ્રીંકસના માલિક હનિફભાઈ ગુલામભાઈ બાંડી ગત રાત્રિએ દુકાનને તાળા લગાવી ઘરે ગયા બાદ રાત્રે વરસાદી માહોલ અને અંધારપટનો લાભ લઈ તસ્કરોએ દુકાનના શટર પર લગાડેલા તાળા તોડી શટર ઉચું કરી દુકાનમાં પ્રવેશી પૈસા મૂકવા રાખેલો ગલ્લો આખે આખો ઉઠાવી ગયા હતા. તસ્કરોને વધુ મત્તા હાથ ન લાગતાં દુકાનમાં લગાવેલ ટેબલફેન પણ ઉઠાવી ગયા હતા. તસ્કરોએ દુકાનથી થોડાક આગળ જઈ ગલ્લામાં રહેલ પરચુરણ અને રોકડ રકમ કાઢી લઈ પુલ આગળ ગલ્લો ફેંકી દઈ તસ્કરો ફરાર થઈ ગયા હતા. દુકાન માલિકના જણાવ્યા અનુસાર ગલ્લામાં રહેલી રોકડ રકમ તેમજ ટેબલફેન સહિત અન્ય સામગ્રી મળી કુલ ૧૦ હજાર રૂપિયાની ચોરી કરી લુંટારુંઓ ઘટનાને અંજામ આપી ફરાર થઈ ગયા હતા.



### ધનસુરા ઓધવ વિદ્યામંદિરમાં પ્રવેશોત્સવ યોજાયો

ધનસુરા, તા. ૨૩

કચ્છી કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત) ધનસુરા સંચાલિત ઓધવ વિદ્યા મંદિર ખાતે શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રવેશોત્સવ દરમ્યાન કે.જી. તથા ધો. ૧, ૨ ના નાના ભુલકાઓને કુમકુમ તિલક કરી પ્રવેશ આપવામાં આવ્યો હતો. ત્યાર બાદ આ કાર્યક્રમમાં નાના ભુલકાઓદ્વારા સરસ મજાના અભિનય ગીત રજુ કર્યા હતા. બાળકોની કલા જોઈને વાલીગણ, સ્ટાફ, સભ્યો મંત્રમુગ્ધ બની ગયા હતા તથા વાલીઓ દ્વારા શિક્ષકોની મહેનતને વખાણવામાં આવી હતી. કાર્યક્રમમાં પ્રહલાદભાઈ પી. સુરાણીના અધ્યક્ષતા હેઠળ યોજાયો હતો. જેમાં આચાર્ય જીગ્નેશભાઈ પટેલ તેમજ અંગ્રેજી માધ્યમના આચાર્ય શ્રેયાબેન જોષી ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસા ચાર રસ્તા નજીક ત્રણ કેબીનનાં તાળા તૂટયા

મોડાસા, તા.૨૩

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના હાર્દસમા ચાર રસ્તા નજીક આવેલ કેબીનોમાં ધંધાર્થીઓ પોતાનો ધંધો વેપાર કરી જીવનનિર્વાહ ચલાવી રહ્યા છે મંગળવારે રાત્રે ત્રણ કેબિનમાં તસ્કરો ત્રાટકયા હતા જેમાં રીધ્ધી સીધ્ધી મોબાઈલ શોપમાંથી તસ્કરોએ ૪ મોબાઈલ ચોર્યા હતા જયારે અન્ય બે કેબીનો ખાલી હોવાથી તસ્કરોનો ફેરો માથે પડયો હોય તેવા ઘાટ સર્જાયા છે. તસ્કરોએ બેખોફ બની ભરબજારમાં લૂંટની ઘટનાને અંજામ આપતા વેપારી આલમમાં ફફડાટ ફેલાયો છે.

મોડાસા ચાર રસ્તા નજીક મંગળવારે રાત્રે વરસાદી માહોલ અને અંધારી રાત્રીમાં આવેલી કેબીનોમાં તસ્કરો ત્રાટકયા હતા. જેમાં રીધ્ધી સીધ્ધી નામની મોબાઈલ શોપની કેબીનનું શટરનું તાળુ તોડી મોબાઈલ શોપમાં રહેલો માલ સામાન રફેદફે કરી નાખી મોબાઈલ શોપમાં રહેલા ત્રણ હજારની કિંમતનો એવો ૧ એવા ત્રણ નવા મોબાઈલની ચોરી કરી હતી જયારે અન્ય એક કેબીનમાં દરજીની દુકાન તથા બીજા કેબિનમાં ચામડાના લે વેચનો વેપાર થતો હોવાથી તસ્કરોને મોટી ચોરીની ઘટનાને અંજામ આપવામાં નિષ્ફળતા મળી હતી. મોડાસા ચાર રસ્તા પોલીસ ચોકીની નજીક જ તસ્કરોએ હાથ ફેરો કરતાં વેપારીઓમાં ચોરીનો ભય છવાયો છે. રીધ્ધી સીધ્ધી મોબાઈલ શોપના દુકાન માલિક પુરષોત્તમ પાસવાનીને બુધવારે સવારે કેબીનમાં તસ્કરોએ હાથ ફેરો કર્યો હોવાનું માલુમ પડતાં મોડાસા ટાઉન પોલિસને જાણ કરાઈ હતી. તસ્કર ગેંગ ફરીથી સક્રિય થતા મોડાસાના વેપારી આલમ અને પ્રજાજનોમાં ભયનો માહોલ પેદા થયો છે. મોડાસા ટાઉન પોલિસ દ્વારા નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવવા અને તસ્કર ગેંગને ઝડપી પાડવા ઉગ્ર માંગ ઉઠી છે.



# તલોદ-મજરા માર્ગ પર કપચી ભરેલી ટ્રક પલ્ટી જતા એકનું મોત

તલોદ, તા.૨૩

તલોદ તાલુકાના મજરા-તલોદ માર્ગ પર છેલ્લા ઘણા વર્ષોથી કપચી અને રેતી ભરીને ઓવરલોડ ટ્રકો ૨૪ કલાક બેફામગતિએ દોડી રહી છે અને અવારનવાર નાના વાહન ચાલકો અને રાહદારીઓ આ ટ્રકો સામે મોતનો કોળીયો બની રહ્યા છે ત્યારે બુધવારે જ વધુ એક ગંભીર માર્ગ અકસ્માત તલોદ-મજરા માર્ગ પર થયો હતો. જેમાં એક મુસાફરનું મોત થયું હતું. જયારે અન્ય પાંચને ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે તલોદ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ સાબરકાંઠાના તલોદ અને અરવલ્લીમાં મોટા પાયે કપચીનો ઉદ્યોગ ધમધમી રહ્યો છે. આથી દરરોજ ૨૪ કલાક કપચી અને રેતી ભરી ઓવરલોડ ટ્રકો બેફામગતિએ તમામ નિયમો તોડી દોડી રહી છે. પરિણામે વારંવાર આ માર્ગ પર ગંભીર અકસ્માત સર્જાય છે. જેથી અનેક નિર્દોષ રાહદારીઓ મોતનો ભોગ બની રહ્યા છે. બુધવારે પણ દરરોજની જેમ તલોદ-મજરા માર્ગ પર કપચી ભરીને ટ્રક (નં. જીજે-૯-ઝેડ-૫૮૪૨)નો ચાલક પસાર થઈ રહ્યો હતો દરમિયાન ટ્રકની કપચીની ઉપર કેટલાક મુસાફરો પાછળ બેસી મુસાફરી કરી રહ્યા હતા. બસ આ જ સમયે દોલતાબાદ વળાંક પાસે અચાનક જ ટ્રક ચાલકે ટ્રક પરનો કાબુ ગુમાવતા ટ્રક પલ્ટી ખાઈ ગઈ હતી. પરિણામે ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં મુસાફર બળદેવસિંહ સોમસિંહ સોલંકીનું મોત નિપજયું હતું. જયારે પાંચ મુસાપરોના શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. તુરંત ૧૦૮ની મદદથી તમામ ઘાયલોને તલોદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ટ્રક ચાલક ફરાર થઈ ગયો હતો.

ટચુકડી

જાહેર ખબર

દર ગુરુવારે રવિવારે

ફોન : ૨૩૨૨૨૫૭૧

## શબ્દાવલી - ૫૭૯૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | ૫ |
| | ■ | | ■ | ૬ | | | |
| | ■ | ૭ | ૮ | | | ■ | ■ |
| ■ | ૯ | ■ | ૧૦ | | ■ | ૧૧ | ૧૨ |
| ૧૩ | | ૧૪ | ■ | ૧૫ | ૧૬ | | |
| ૧૭ | | | | ■ | | ■ | |
| ૧૮ | | | ■ | ૧૯ | | ■ | |
| ■ | ૨૦ | | | ■ | | ■ | |

### આડી ચાવી

૧. ગુલજાર, બગીચો (ઉર્દૂ શબ્દ) (૪)
(૩) હલકા કુટુંબનું, નીચ (૩)
૬. બુશર્ટની બાંયમાં શૉ પીન જેવું બટન ભરાવાય તે (૪)
૭. અઢળક, મબલક (૪)
૧૦. સાધુ, સંન્યાસી (૨)
૧૧. બ્રેડ, ભાજી... (૨)
૧૩. વશ કરવું, ... કરવું (૩)
૧૫. આતુરતા (૪)
૧૭. ભાનમાં હોય તેવું, ધ્યાનથી (૪)
૧૮. બાફેલા કઠોળ વગેરે (૩)
૧૯. ઉચ્ચ અધિકારી, ખાવાની વાનગી (૨)
૨૦. ચપળ, અસ્થિર (૩)

### ઊભી ચાવી

૧. અભિમાન, નશો (૩)
૨. વધેલું, ફાલતું (૩)
૩. છળ, પ્રપંચ (૩)
૪. નકલી, કપટી, બનાવટી(૨)
૫. શરીર (૨)
૬. કચવાયેલું, રીસાયેલું (૪)
૮. સાચુ, નક્કર (૨)
૯. મહાયુદ્ધ, મોટી લડાઇ (૫)
૧૧. જુગટુ રમવા માટે દાન નાખવા... જોઇએ (૨)
૧૨. ધડ માથા વગરની (વાત) (૫)
૧૩. મઠો, માણસ (૩)
૧૪. 'નડતર' શબ્દ આડોઅવળો (૪)
૧૬. લાફો, લપાટ (૪)

### શબ્દાવલી ૫૭૯૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) બારૂદ (૩) લાગવગ (૬) રગડો (૮) જીન (૯) કવિ (૧૧) લલકાર (૧૩) સતક (૧૬) કતરણ (૧૮) ખગ (૧૯) સકલ (૨૦) ડર (૨૧) કથા (૨૨) છુકછુક (૨૪) તાત (૨૫) રૉ

**ઊભી ચાવી :-** (૧) બારકસ (૨) દર (૩) લાડોલ (૪) વજીર (૫) ગન (૭) ગલ (૧૦) વિતકકથા (૧૨) કાથી (૧૪) કતલ (૧૫) મગર (૧૭) ણઠક (૧૮) ખડક (૧૯) સકટ (૨૨) છુત (૨૩) છુરા

### સન્માન સમારોહ

● અનુસંધાન પહેલાનું ચાલુ

માતબર રકમ આવા પ્રસિદ્ધિ કાર્યક્રમમાં ખર્ચવાને બદલે જિલ્લામાં ખેડૂત અસરગ્રસ્તોને વિતરણ કરવા માંગણી કરી છે. ગાંધીનગર જિલ્લામાં મોટા ભાગના પૂર્વ પદાધિકારીઓ કોંગ્રેસ પક્ષના છે તેથી કોણ સન્માન સ્વીકારશે એ મોટો સવાલ ઉભો થયો છે? ઉપરાંત ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ પણ પૂર્વ ધારાસભ્યના નાતે સન્માન સ્વીકારશે કે શું? એ બાબતે પણ ભાજપે ખુલાસો કરવો જોઈએ. કોંગ્રેસના આગેવાનો કોઈ પણ પ્રલોભનોમાં આવવાના નથી અને ભાજપના સન્માન કાર્યક્રમોમાં જોડાવાના નથી જેથી આવી હરકતો બંધ કરીને પ્રજાના વિકાસ કાર્યોમાં જોતરાવા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીએ વિનંતી કરી છે.

બીજી તરફ ભારતીય જનતા પક્ષે રાજયમાં પંચાયતી રાજને સુદૃઢ અને સફળ બનાવનાર પદાધિકારીઓનું સન્માન એ ઋણ સ્વીકારનો કાર્યક્રમ છે તેમ જણાવતાં એવું જણાવ્યું છે કે તેઓના યોગદાનથી તેઓ રાજયના અને જિલ્લાના વિકાસમાં ભાગીદાર બન્યા છે. બંને પક્ષો દ્વારા સામસામી આક્ષેપોને લઈ રાજકીય ઉત્તેજના વધી જવા પામી છે.

દરમિયાન જિલ્લામાંથી ઘણા બધા આગેવાનોએ આમંત્રણ નહિ મળ્યાની અથવા તો આમંત્રણ કાર્ડ પર ખોટું સરનામુ હોવાની ફરિયાદો પણ કરી છે. તંત્ર દ્વારા ૯૮ પૂર્વ સદસ્યો, પાંચ માજી સાંસદો, ૧૭ પૂર્વ વિધાયક તેમજ બે સ્વાતંત્ર્ય સેનાની અને ૧૩ શતાયુ વડીલોની સાથે ૧૩૫ મહાનુભાવોનું સન્માન શાલ ઓઢાડી અને સ્મૃતિ ચિહ્ન આપી સન્માન કરવાની તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે.

### ડાયાલીસીસ સેન્ટર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર સિવીલ હોસ્પિટલને આમ તો ૬૦૦ બેડની હોસ્પિટલ બનાવવાનું આયોજન છે. જો કે ૨૦૨૦ સુધીમાં આ હોસ્પિટલ એક હજાર બેડની બનશે તેવો અંદાજ છે.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલનું સંચાલન સંપૂર્ણ પણે હવે જીએમઈઆરએસ એ સંભાળી લીધું છે. અને ટૂંકમાં જ હોસ્પિટલ માટે મહત્વના નિર્ણયો લેવામાં આવશે. આ અંગેની લગભગ તૈયારીઓ થઈ ચુકી છે.

### માર્ગનો છેડો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મારી કામગીરી દર્શાવી દે છે. બે દિવસ પહેલાં રાત્રીના સમયે ભારવાહક ટ્રક આ જગ્યાએ ફસાઈ જઈને મસ મોટો ખાડો ફરી દીધો હતો. જેને તંત્રએ માટીકામ કરી હાલ પુરતી આડસ મુકી વાહનચાલકોને દુર રહેવા જણાવ્યું છે. પરંતુ વરસાદી સિઝનમાં આ પદ્ધતિથી કોઈ અજાણ્યો વાહનચાલક આ તુટેલી જગ્યાએ અચાનક પસાર થવાના સંજોગોમાં જીવલેણ અકસ્માત ઉભો થઈ જશે તેવી દહેશત પણ વાહનચાલકો વ્યક્ત કરી રહ્યા છે.

તંત્રની ચોક્કસ કામગીરીનો સતત અભાવ આ સ્થળે સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. તેમજ ચિલોડા, દહેગામ, હિંમતનગર તરફ જવા દૈનિક હજારો વાહનો અહીંથી પસાર થાય છે ત્યારે સત્વરે કપચી, રેતી, માટીના ઢગ આ જગ્યાએથી હટાવી પાક્કો માર્ગ બનાવવામાં આવે તેવી માંગ ઉઠી છે. તેમજ પોચી પડી ગયેલ અહીંની જમીનમાં પુરાણ કરી ભાર સહન કરી શકે તેવું સમતળ બનાવી પછી ડામર માર્ગ બનાવાય તે ખરેખર શહેરની અન્ય માર્ગોના સમકક્ષ મજબૂત બનશે અને નગરની ઓળખ બરકરાર બની રહેશે તે સંજોગો આધિન બન્યું છે.

### હરિયાળુ શહેર બને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાજુએ વૃક્ષો વાવી શકાય તેમ છે. નગરમાં ચોમાસા દરમ્યાન આ અભિયાનને એટલો વેગ આપવો જોઈએ કે જેથી ગાંધીનગર શહેર દુનિયાનું નંબર-૧ હરિયાળું શહેર બની જાય તો જ સાચા અર્થમાં પ્રચંડ જનમત ઉભો થયેલો કહેવાશે અને પર્યાવરણ પ્રેમીઓનો વિજય થયેલો ગણાશે. આમ કરવાથી રાષ્ટ્રીય સંપત્તિમાં પણ વધારો થશે કારણ કે વૃક્ષો આપણી રાષ્ટ્રીય સંપતિ છે.

### છેતરાતા બચાવવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. પરંતુ આવી સંસ્થામાં બની બેઠેલા ખેડૂત પ્રતિનિધિઓને ખેડૂતની કંઈ જ પડી હોતી નથી. ખેડૂત લૂંટાય છે. છેતરાય છે, ખેડૂતના માલની હરાજી વખતે આ પ્રતિનિધિઓ હાજરી આપે અને મફતના ભાવે થતી હરાજી ઉપર બ્રેક મારે, ભારતીય કિસાન સંઘની સરકાર પાસે માંગણી છે કે તમામ શાકભાજીના ટેકાના ભાવો જાહેર કરવા જોઈએ અને તે ભાવથી જ હરાજી ચાલુ થવી જોઈએ. તો ખેડૂતને નાંખી દેવાના ભાવે પોતાનો માલ વેચવાની ફરજ ન પડે.

કોલ્ડ સ્ટોરેજમાં ખેડૂતોના બટાકા પડયા છે જયારે ખેડૂત લેવા જશે ત્યારે એક સામટો માલ બજારમાં આવતા તેના ભાવ કેટલા થશે તેની અત્યારે કલ્પનાથી જ ખેડૂતને કમકમાટી છુટી જાય છે. કોલ્ડ સ્ટોરેજમાંથી પોતાના બટાકા લેવા માટે ખેડૂત તૈયાર નહિ થાય કારણ કે કોલ્ડ સ્ટોરેજના ભાડાના પૈસા પણ તેના બટાકા વેચતા મળવાના નથી તેવી પરિસ્થિતિનું નિર્માણ થશે.

આવા સમયે સહકારી આગેવાનો સરકારના, ખેડૂતના પ્રતિનિધિઓએ વેપારીઓને મળીને ખેડૂતનો માલ યોગ્ય ભાવે ખરીદવા સમજાવવા જોઈએ. સરકારી તથા સહકારી સંસ્થાઓએ ખરીદી માટે માર્કેટમાં આવવું પડશે.

**જાહેર વિજ્ઞપ્તી**

**દહેગામ આઈ.એચ.એસ.ડી.પી. યોજનાના લાભાર્થી જોગ**

આથી આ જાહેર નોટીસ થકી દહેગામ આઈ.એચ.એસ.ડી.પી. યોજનાના લાભાર્થીઓને દિન-૭માં બેન્ક લોન કરવાના જરૂરી દસ્તાવેજો જમા કરાવવાનું જણાવવામાં આવે છે. આ પૂર્વે પણ નગરપાલિકા દ્વારા લેખિતમાં જાણ કરવામાં આવી હોવા છતાં ૯૬ લાભાર્થીઓએ જરૂરી કાગળો જમા કરાવેલ નથી. આ ઉપરાંત જે લાભાર્થી આર.બી.આઈ.ના નિયમ મુજબ લોન માટે લાયક નથી તેવા લાભાર્થી તેમની લોનની રકમ રોકડમાં ભરી મકાન સહાય મેળવી શકશે. અન્યથા અન્ય લાભાર્થીને મકાન ફાળવણી જાહેરાત થકી કરવામાં આવશે.

તા. ૨૩/૭/૨૦૧૫
માહિતી/૯૭૮/૨૦૧૫-૧૬

ચીફ ઓફીસર
દહેગામ નગરપાલિકા